**પ્રધાનમંત્રીએ જોહાન્સબર્ગમાં IBSA નેતાઓની બેઠકમાં ભાગ લીધો (23 નવેમ્બર, 2025)**

23 નવેમ્બર, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે દક્ષિણ આફ્રિકાના જોહાન્સબર્ગમાં આયોજિત IBSA નેતાઓની બેઠકમાં ભાગ લીધો હતો. આ બેઠકનું આયોજન દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ મહામહિમ સિરિલ રામાફોસાએ કર્યું હતું અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ મહામહિમ લુઈસ ઇનાસિયો લૂલા દા સિલ્વાએ હાજરી આપી હતી.

2. પ્રધાનમંત્રીએ આ બેઠકને સમયાનુકૂળ જણાવતાં કહ્યું કે, આ બેઠક આફ્રિકાની ધરતી પર પહેલા G20 શિખર સંમેલન સાથે થઈ છે અને વૈશ્વિક દક્ષિણ દેશોમાં સતત ચાર G20 અધ્યક્ષતાઓના સમાપનને ચિન્હિત કરે છે, જેમાંથી અંતિમ ત્રણ IBSA ના સભ્ય દેશોએ કરી હતી. તેમણે કહ્યું કે, તેના પરિણામસ્વરૂપે માનવ-કેન્દ્રિત વિકાસ, બહુપક્ષીય સુધાર અને સતત વિકાસ પર ઘણી મહત્વપૂર્ણ પહેલ થઈ છે.

3. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, IBSA માત્ર ત્રણ દેશોનો સમૂહ નથી, પરંતુ ત્રણ મહાદ્વીપ, ત્રણ મુખ્ય લોકશાહી દેશો અને ત્રણ પ્રમુખ અર્થવ્યવસ્થાઓને જોડતું એક મહત્વપૂર્ણ મંચ છે.

4. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈશ્વિક શાસન સંસ્થાઓ 21મી સદીની વાસ્તવિકતાઓથી ખૂબજ દૂર છે. તેમણે IBSA ને એક મજબૂત સંદેશ આપવા આહ્વાન કર્યું હતું કે વૈશ્વિક શાસનની સંસ્થાઓ, ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારો હવે એક વિકલ્પ નહીં, પરંતુ જરૂરિયાત છે.

5. આતંકવાદ-વિરોધ પર, પ્રધાનમંત્રીએ મજબૂત સમન્વયની જરૂરિયાત પર ભાર આપ્યો અને કહ્યું કે આતંકવાદ સામે લડતી વખતે બેવડાં ધોરણો માટે કોઈ જગ્યા ન હોવી જોઈએ. માનવ-કેન્દ્રિત વિકાસ સુનિશ્ચિત કરવામાં ટેકનોલોજીની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડતાં, પ્રધાનમંત્રીએ ત્રણ દેશો વચ્ચે UPI જેવા ડિજિટલ સાર્વજનિક બુનિયાદી ઢાંચા, કોવિન જેવા સ્વાસ્થ્ય પ્લેટફોર્મ, સાઇબર સુરક્ષા ઢાંચા અને મહિલાઓના નેતૃત્વમાં તકનીકી પહેલોને શેર કરવાની સુવિધા માટે એક 'IBSA ડિજિટલ નવાચાર ગઠબંધન' ની સ્થાપનાનો પ્રસ્તાવ મૂક્યો.

6. પ્રધાનમંત્રીએ સુરક્ષિત, વિશ્વસનીય અને માનવ-કેન્દ્રિત AI માપદંડોના વિકાસમાં યોગદાન આપવાની IBSA ની ક્ષમતા પર પણ ભાર મૂક્યો હતો. તેમણે આગામી વર્ષે ભારતમાં આયોજિત થનાર AI પ્રભાવ શિખર સંમેલનમાં IBSA નેતાઓને આમંત્રિત કર્યા.

7. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે IBSA એકબીજાના વિકાસના પૂરક અને ટકાઉ વિકાસનું એક ઉદાહરણ બની શકે છે. તેમણે આખાં અનાજ, કુદરતી ખેતી, આપત્તિની સ્થિતિસ્થાપકતા, હરિત ઉર્જા, પરંપરાગત ઔષધિઓ અને સ્વાસ્થ્ય સુરક્ષા જેવા ક્ષેત્રોમાં સહકારની તકો પર પ્રકાશ પાડ્યો હતો.

8. તેમણે શિક્ષણ, સ્વાસ્થ્ય, મહિલા સશક્તિકરણ અને સૌર ઉર્જા જેવાં ક્ષેત્રોમાં ચાલીસ દેશોમાં યોજનાઓના સમર્થનમાં IBSA ફંડના કાર્યનાં વખાણ કર્યાં. તેમણે દક્ષિણ-દક્ષિણ સહયોગને વધુ આગળ વધારવા માટે જળવાયુ અનુકૂળ કૃષિ માટે IBSA ફંડનો પ્રસ્તાવ મૂક્યો હતો. પ્રધાનમંત્રીનું સંપૂર્ણ ભાષણ [અહીં] વાંચી શકાય છે.

જોહાન્સબર્ગ

23 નવેમ્બર, 2025